**ક્રિ.કેસ નં :– 53370/2018**

૧.આ કામમાં પો.સ્ટે.ધ્વારા આરોપી વિરૂઘ્ધ પ્રોહી. કલમ– ૬૬(૧)(બી), ૮૫(૧)(૩) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટ નકલો ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપીએ ત્યારબાદ ગુના કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન લેતાં તેમાં આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૨.સજા બાબતે આરોપીને સાંભળતા.આરોપી નાની વયના છે અને આ પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને તે ગરીબ માણસ છે. ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરી થી નહી કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. એ.પી.પી.એ કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

૩.આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂઘ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ઘ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છું.

:: હુકમ ::

આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ ૨૫૨ હેઠળ પ્રોહી. કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩) ના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીને રૂા. ૫૦/– (અંકે રૂપિયા પચાસ પુરા) દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને ૨ દિવસની સાદી જેલની સજા કરવામાં આવે છે.

હુકમ આજ રોજ લોક અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૧/૧૨/૨૦૨૧.
અમદાવાદ.

(બી.આર.રાજપુત)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૫, અમદાવાદ
કોડ નં. જીજે૦૦૮૨૬.